# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-02-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમને સ્વ-વિકાસ પર ધ્યાન આપવા પ્રોત્સાહિત કર્યા
2) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓને પકડવામાં ગુજરાત ATSની ટુકડીએ સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ કામગીરી કરી
3) રાજ્યમાં ડિજિટલ સેવાઓને વ્યાપક બનાવવા સરકારે અમેરિકાના ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની સાથે ઇરાદાપત્રની આપ-લે કરી
4) રાજકોટમાં 130 કિલો ચાંદીની ચોરીમામલે અમદાવાદ ગુના શાખાએ એક વ્યક્તિની ધરપકડ કરી
5) પંચમહાલના ખેલાડી અલ્પેશ બારિયાએ હરિયાણામાં રમાયેલી રાષ્ટ્રીયકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NEW PM PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "પરીક્ષા પે ચર્ચા " કાર્યક્રમની નવમી આવૃત્તિમાં દેવમોગરા, કોઇમ્બતુર, રાયપુર અને ગુવાહાટીના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. આજે જાહેર કરાયેલા બીજા વીડિયોમાં તેમણે પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાના ઉપાય અંગે વાત કરી.

શ્રી મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષાથી આગળ જોવા અને જીવન કૌશલ્ય , રમતગમત, સર્જનાત્મકતા તથા સ્વ-વિકાસ પર ધ્યાન આપવા પ્રોત્સાહિત કર્યા.

અભ્યાસ અને શોખ વચ્ચે સંતુલન જાળવવા પર ભાર આપતા શ્રી મોદીએ કહ્યું, વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અને સર્જનાત્મક કાર્યો અસરકારક રીતે સંતુલિત થઈ શકે છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) STAY CALM

શ્રી મોદીએ કૃત્રિમ બુદ્ધિમત્તા- AI અને ટેક્નોલોજીથી ન ડરવા વિદ્યાર્થીઓને સલાહ આપી. તેમણે કહ્યું , વિદ્યાર્થીઓએ તેની પર નિર્ભર બનવાની જગ્યાએ તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) AI

. . . . . . . . . . . . .

# SANGHAVI ATS KHATMUHURT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓને પકડવામાં ગુજરાત ATSની કામગીરી સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ રહી છે. દેશભરમાં થયેલા અનેક આતંકી હુમલાઓમાં અનેક આતંકવાદીઓને પકડવામાં ગુજરાત ATSએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

અમદાવાદમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS કચેરી સહિતના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરતા તેમણે ATSના જવાનોની કામગીરીને બિરદાવી હતી. ગુજરાત ATSની ટીમ દરેક પડકારને પહોંચી વળવા તૈયાર હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

. . . . . . . . . . . . .

# DIGITAL INFRASTRUCTURE

રાજ્ય સરકારે અમેરિકાના ઉદ્યોગપતિ એલન મસ્કની સ્પેસ-એક્સ દ્વારા નિયંત્રિત કંપની સ્ટારલિન્ક સાથે સહયોગ માટે ઈરાદાપત્રની આપ-લે કરી છે. ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ આ સંયુક્ત પરિયોજનાનો અમલ આવનારા ભવિષ્યમાં રાજ્યની ડિજિટલ સેવાઓને વધુ વ્યાપક બનાવવામાં સીમાચિહ્ન સાબિત થશે અને ઇ-ગવર્નન્સની પ્રગતિને વધુ ગતિ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

(V/C- HEMANGINI SONARA)

*(....આ ઈરાદાપત્ર બાદ રાજ્યમાં ઓછું ટૅલિકોમ નેટવર્ક અને કનેક્ટિવિટીની સમસ્યા ધરાવતા અંતરિયાળ અને આદિજાતિ વિસ્તારને ઇ-ગવર્નન્સ સુવિધા સમાન સેવા કેન્દ્રથી સાંકળી લેવાશે અને સરકારી સેવાઓ ઝડપી અને સરળતાથી પહોંચાડાશે. તેમજ મહત્વાકાંક્ષી જિલ્લા સહિતના આદિજાતિ વિસ્તારમાં વિશ્વસનીય ડિજિટલ સેવા ઉપલબ્ધ કરાવાશે. જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , શાળાઓ અને રાજ્યવ્યાપી ટૅલિ-મેડિસિન સેન્ટર્સને સ્માર્ટ કનેક્ટિવિટીથી જોડીને સુદ્રઢ અને ઝડપી આરોગ્ય તથા શિક્ષણની સેવાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે. ઉપરાંત સરકારી સંસ્થાઓ , શાળાઓ અને આપત્તિ વ્યવસ્થાપન ટુકડીની ક્ષમતા વધારાશે. રાજ્યવ્યાપી અદ્યતન ડિજિટલ માળખા અને સીમલેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા સંયુક્ત કાર્યસમૂહની રચના કરાશે.*

*હેમાંગિની સોનારા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

. . . . . . . . . . . . .

# SHAHERI VIKAS VARSH

રાજ્યમાં શહેરી વિકાસ વર્ષ દરમિયાન વિવિધ કામગીરી હાથ ધરાઈ. ત્યારે શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે બે હજાર 756 કરોડ રુપિયાથી વધુના ખર્ચે એક હજાર 823થી વધુ પરિયોજનાને મંજૂરી અપાઈ છે. તે મુજબ , રાજ્યભરમાં શહેરોના જાહેર સ્થળોએથી ગંદકી દૂર કરવા એક હજાર 533 ગાર્બેજ વલ્નરૅબલ પોઇન્ટ્સની ઓળખ કરીને તેના નિકાલનો લક્ષ્યાંક રખાયો છે.

ઉપરાંત મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના શહેરી વિસ્તારોમાં 240 હૅક્ટરથી વધુ નવા ગ્રીન સ્પેસ વિકસાવાશે. ટકાઉ શહેરી આયોજન અને વિકાસને પ્રોત્સાહન આપતી આ દરેક પહેલ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમ સત્તવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# SMRITI IRANI ON BUDGET

ભાજપનાં વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાનીએ કેન્દ્રીય અંદાજપત્રને મહિલાઓ અને યુવાનો માટે ઉપયોગી ગણાવ્યું છે.
આ અંદાજપત્રને વર્ષ 2047ના વિકસિત ભારતની વ્યૂહરચના ગણાવતાં સુશ્રી ઈરાનીએ કહ્યું કે, અંદાજપત્રમાં જાહેર કરાયેલી 'બાયો ફાર્મા શક્તિ ' યોજનાથી ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન મળશે. સુરતમાં ભાજપના કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં સુશ્રી ઇરાનીએ આ વાત કહી.

(BYTE: SMRITI IRANI, BJP LEADER)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AMD CRIME BRANCH

રાજકોટમાં આ મહિનાની શરૂઆતમાં થયેલી 130 કિલો ચાંદીના દાગીનાની ચોરી મામલે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ પોલીસે અમદાવાદ ગુનાશાખાની ટુકડી સાથે મળીને આ વ્યક્તિને ઝડપી તેની પાસેથી ચાંદી જપ્ત કરી. જ્યારે આ ગુનાનો મુખ્ય શંકાસ્પદ વ્યક્તિ ફરાર હોવાનું અમદાવાદ ગુનાશાખાના ACP ભરત પટેલે જણાવ્યું.

(BYTE: BHARAT PATEL, ACP, AHMEDABAD CRIME BRANCH)

. . . . . . . . . . . . .

# JAMNAGAR – KHEL MAHOTSAV

જામનગર અને દેવભૂમિદ્વારકાનાં સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં સાંસદ ખેલ મહોત્સવનું સમાપન થયું. તેમાં ક્રિકેટ સ્પર્ધામાં બંને જિલ્લામાંથી ટીમે ભાગ લીધો. આ પ્રસંગે ઘણા ક્રિકેટપ્રેમી , કલાકારો અને રાજકીય આગેવાન ઉપસ્થિત રહ્યા. દરમિયાન વિજેતાઓને વિજયચિહ્ન અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયાં.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL GOLD MEDAL

પંચમહાલના ખેલાડી અલ્પેશ બારિયાએ રાષ્ટ્રીયકક્ષાની ઍથ્લેટિક્સ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તાજેતરમાં હરિયાણામાં રમાયેલી સ્પર્ધામાં અલ્પેશ બારિયાએ 100 મીટર દોડમાં આ સિદ્ધિ મેળવી છે. ગોધરા તાલુકાની ગોદલી પ્રાથમિક શાળામાં ભણતા આ ખેલાડીની સિદ્ધિથી શાળા , પરિવાર અને સમગ્ર જિલ્લામાં આનંદની લાગણી છવાઈ છે.

કાલોલ તાલુકાના ધારાસભ્ય સહિતના લોકોએ અલ્પેશ બારિયાને અભિનંદન પાઠવતા તેમની સફળતાને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી ગણાવી.

. . . . . . . . . . . . .

# NAVSARI HAND BALL

નવસારીમાં યોજાયેલી ભાઈઓની રાજ્યકક્ષાની હૅન્ડબોલ સ્પર્ધામાં ગુજરાત રમતગમત સત્તામંડળ – SAG હૅન્ડબોલ અકાદમીની ટીમ વિજેતા થઈ છે. બિલિમોરામાં વી. એસ. પટેલ વિજ્ઞાન મહાવિદ્યાલય ખાતે રમાયેલી ફાઈનલમાં SAG અકાદમીએ 33 વિરુદ્ધ 26 ગૉલ કરીને મહેસાણાની ટીમને પરાજય આપ્યો. આ સાથે જ મહેસાણાની ટીમ બીજા ક્રમે રહી.

બીજી તરફ, રાજ્યકક્ષાની હૅન્ડબોલ સ્પર્ધામાં 17 વર્ષથી ઓછી વયની છોકરીઓની પણ લીગ મેચ રમાઈ. આજે પહેલી મેચમાં જુનાગઢ ગ્રામ્ય ટીમે સુરત શહેરની ટીમને, બીજી મેચમાં બોટાદે નર્મદાને , ગાંધીનગર શહેરે આણંદ જિલ્લાને અને ભાવનગર ગ્રામ્ય સીમે મહેસાણા જિલ્લાની ટીમને પરાજય આપ્યો.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. હવામાન વિભાગની યાદી મુજબ, હાલમાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કંડલા વિમાનમથકમાં 14, ડીસા અને ગાંધીનગરમાં 15 ડિગ્રી, અમદાવાદ, પોરબંદર, દીવ અને મહુવામાં લઘુત્તમ તાપમાન 16 ડિગ્રી સેલ્સિયસ નોંધાયાનાં અહેવાલ છે.

આ સિવાયના જિલ્લા અને શહેરોમાં લઘુત્તમ તાપમાનનો પારો 17 ડિગ્રી સેલ્સિયસ અને તેનાથી વધુનો રહ્યો છે.

. . . . . . . . . . . . .

# NMD ARCHERY COMPETITION

ડાંગના ખેલાડીઓએ રાજ્યકક્ષાની તીરંદાજી સ્પર્ધામાં કુલ 10 ચંદ્રક જીત્યા છે. નર્મદાના રાજપીપળામાં યોજાયેલી સ્પર્ધામાં રાજ્યભરમાંથી વિવિધ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં ડાંગના ખેલાડીઓએ બે સુવર્ણ, ત્રણ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે.

. . . . . . . . . . . . . .